સુવિચાર : મૌનનાં પણ બે પ્રકાર છે, એક મનથી મૌન અને બીજું છે જીભનું મૌન - અમૃતબિંદુ

તાપમાન
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૭ | ૮ ફેબ્રુઆરી, ૨૦૧૬, સોમવાર ; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## ઉત્તર કોરિયાના લાંબા અંતરના રોકેટ લોન્ચથી ભારે ખળભળાટ

**અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયાની ધમકીની ઐસી તૈસી કરી : હાઈડ્રોજન બોંબના થોડાક દિવસ પહેલા પરીક્ષણ બાદ ઉત્તર કોરિયાએ હવે મિસાઈલ બેઝથી રોકેટ લોન્ચ**

સિયોલ,તા. ૭

ઉત્તર કોરિયાના આજે લાંબા અંતરના રોકેટના લોંચના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો. નારાજ થયેલા અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની તાકિદની બોલાવવાની અપીલ કરી છે. પરિષદના રાજકારણીઓએ કહ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્ર હેડક્વાર્ટરમાં ભારતીય સમય મુજબ ૯.૩૦ વાગે આ બેઠક યોજાઈ હતી. સિયોલની સેનાએ રોકેટ પરીક્ષણને સમર્થન આપી દીધું છે. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે માહિતી આપતા કહ્યું છે કે, ઉત્તર કોરિયાએ આજે ડોંગચંગરી મિસાઈલ બેઝથી આ

● અનુસંધાન પાન-૭ પર



પ્રજ્ઞાચક્ષુ અને માનસિક વિશિષ્ટ ખેલાડીઓ માટે ગાંધીનગર જિલ્લાનો ખેલ મહાકુંભ રવિવારે ચૌધરી કૉલેજ પરિસર, સૅક્ટર-૭ ખાતે યોજાયો ત્યારે આવાં અનેક અફલાતૂન દશ્યો જોવા મળ્યાં હતાં. અને આવાં દશ્યો કરતાંય ચડી જાય એવો વિશિષ્ટ ખેલાડીઓનો ઉત્સાહ હતો. ખેલમાં અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે તેમની વિશિષ્ટતાએ જ તેમને સહાય કરી હોય એવું લાગતું હતું. જે નાગરિકોએ આ ખેલ મહોત્સવને માણ્યો એમણે અમૂલ્ય લ્હાવો માણ્યાની લાગણી વ્યક્ત કરી હતી. **(તસવીર : કમલેશ શાહ)** વધુ તસવીરો ૬ઠ્ઠા પાને

## દિલ્હી-મુંબઈ હાઈસ્પીડ ટ્રેન માટે ટ્રાયલ યોજાશે

**સ્પેનની ટ્રેન કંપની ટેલ્ગો દ્વારા ટ્રાયલ રન હાથ ધરવામાં આવશે : ટ્રાયલ રનને સફળતા મળશે તો અન્ય ટ્રેક ઉપર પણ ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનો ચાલશે : પ્રવાસ ગાળો ૧૭ બદલે ૧૨ કલાક થશે**

નવીદિલ્હી,તા. ૭

દિલ્હી-મુંબઈ રુટ ઉપર હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવાના હેતુસર હવે ટૂંકમાં જ સ્પેનિશ કંપની ટેલ્ગો દ્વારા ટ્રાયલ રન શરૂ કરવામાં આવશે. સ્પેનની આ મહાકાય કંપની દ્વારા ટ્રેનનું નિર્માણ કરવામાં આવે છે. દિલ્હી-મુંબઈ રુટ ઉપર પ્રવર્તમાન ટ્રેક ઉપર ૧૬૦-૨૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ટ્રેનને દોડાવી શકાય છે કે કેમ તે સંદર્ભમાં આ ચકાસણી કરવામાં આવનાર છે. ટ્રાયલ રનની સફળતાના આધાર પર રેલવે દ્વારા આ રુટ ઉપર અને અન્ય રુટ ઉપર હાઈસ્પીડ ટ્રેન રજૂ કરવાની દિશામાં વિચારણા કરવામાં આવશે. સ્પેનિશ કંપની ટેલ્ગો દ્વારા ટૂંક સમયમાં જ દિલ્હી-મુંબઈ કોરિડોર ઉપર ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે. સ્પેનિશ ટ્રેન બનાવતી કંપની દ્વારા ઓછા ખર્ચમાં વધુ અસરકારકરીતે ઝડપી ટ્રેન દોડાવવાની ઓફર કરવામાં આવી હતી. રેલવે અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ટૂંક સમયમાં જ રેલવે બોર્ડની મંજુરી મેળવી લીધા બાદ ટેલ્ગોને પરવાનગી પત્ર આપવામાં આવશે. સ્પેનિશ કંપનીએ રેલવેને મફતમાં આ ટ્રાયલ યોજવાની ઓફર કરી છે. આ હિલચાલને ભારત અને સ્પેન વચ્ચેના સંબંધોને મજબૂત કરવાની દિશામાં મોટી પહેલ તરીકે પણ જોવામાં આવે છે. ભારતમાં સ્પેનથી રેકની આયાત કરવામાં આવનાર છે. આ રેક નોક્ડડાઉન

● અનુસંધાન પાન-૭ પર

### ધુમ્મસ કારણે રદ કરાયેલ ટ્રેનોને આજથી પુનઃ શરૂ થશે

નવી દિલ્હી,તા. ૭

આગામી દિવસો માટે હવામાનની સ્થિતિ અને અન્ય પરિસ્થિતિની સમીક્ષા કરી લીધા બાદ રેલવે દ્વારા ધુમ્મસના કારણે હાલમાં જ રદ કરવામાં આવેલી તમામ ટ્રેનોને આગામી સપ્તાહથી ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે જેના પરિણામ સ્વરુપે રેલવે યાત્રીઓને મોટી રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. આઠમી ફેબ્રુઆરીથી એટલે કે આવતીકાલથી તમામ ૨૫૮ એ ટ્રેનો પણ શરૂ થઈ જશે જે ટ્રેનોને ધુમ્મસના કારણે રદ કરવામાં આવી હતી. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આગામી સપ્તાહની અંદર તબક્કાવારરીતે પેસેન્જર, મેઈલ, એક્સપ્રેસ સહિત તમામ ૨૫૮ ટ્રેનો શરૂ કરી દેવામાં આવશે. રેલવે દ્વારા અગાઉ જાહેરાત કરીને કુલ ૧૨૯ ટ્રેનોને ૨૯મી ફેબ્રુઆરી સુધી બંધ રાખવાની જાહેરાત કરી હતી. સોમવારથી આ તમામ ટ્રેનો નિયમિતરીતે શરૂ થઈ રહી છે.

## સરહદ પર પાકિસ્તાની ઠાર

ફિરોઝપુર,તા. ૭

સરહદ સુરક્ષા દળે મોટી સફળતા મેળવી છે. પંજાબ સાથે જોડાયેલી સરહદ ઉપર બીએસએફના જવાનોએ આજે વહેલી પરોઢે બે પાકિસ્તાન ઘુસણખોરો સહિત ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમની પાસેથી ૧૦ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. બીએસએફના નાયબ મહાનિદેશક આરકે થાપાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની ઘુસણખોરો ઉપરાંત બે ભારતીય નાગરિકોને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. બીએસએફના ૧૯૧ બટાલિયનના જવાનોએ આજે વહેલી પરોઢે ૪.૪૦ વાગે આ ઓપરેશન પાર પાડ્યું હતું. બીએસએફના સાવધાન રહેલા જવાનોને ફિરોઝપુર સેક્ટરના મહેંદીપુર સરહદી ચોકી નજીક ઘુસણખોરોની હિલચાલ નિહાળી હતી. જવાનોએ તેમની હિલચાલ નિહાળ્યા બાદ શરણાગતિ સ્વિકારી લેવા પડકાર ફેંકવામાં આવ્યો હતો પરંતુ આ ઘુસણખોરોએ શરણાગતિ સ્વીકારી લેવાના બદલે અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. ઘટના સ્થળથી ૧૦ કિલોગ્રામ હેરોઈન, બે પિસ્તોલ સહિત મોટી માત્રામાં વિસ્ફોટકો અને એક બાઈક કબજે કરવામાં આવી હતી.

## ભાજપના પ્રદેશ પ્રમુખની પસંદગી આજ-કાલમાં

ગાંધીનગર, તા. ૭

પ્રદેશ ભાજપ અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા તેજ બનવા પામી છે. આ મામલે મોવડીમંડળ સમક્ષ ચર્ચા કરવા પ્રદેશના નેતાઓ દિલ્હી ગયા હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી પ્રદેશ ભાજપ પ્રમુખની વરણીની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી હતી. જો કે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની વરણી થઈ જતા હવે પ્રદેશ ભાજપ પ્રમુખની પસંદગી પ્રક્રિયા તેજ કરવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત ભાજપ પ્રમુખની પસંદગી માટે પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. ફળદુ અને પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા આજે દિલ્હી જશે. તેઓ ભાજપ મોવડીમંડળને પોતાનો અહેવાલ સુપરત કરશે અને પ્રદેશ પ્રમુખના નામો પર ચર્ચા વિચારણા કરીને મોવડીમંડળની લીલી ઝંડી મળ્યા બાદ પ્રદેશ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ એક બે દિવસમાં જાહેર કરવામાં આવશે.

પ્રદેશ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ એક પ્રદેશ નેતાઓની બેઠક બોલાવાશે અને સર્વસંમતિથી પ્રદેશ પ્રમુખની પસંદગી કરી નવા પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### દિલ્હી ખાતે આનંદીબેનની અમિત શાહ સાથે લાંબી ચર્ચા

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષની નિમણૂંકને લઈને સમસ્યાનો ઉકેલ આવી રહ્યો નથી ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ આજે વાતચીત કરવા માટે દિલ્હી પહોંચ્યા હતા. મુખ્યમંત્રી આનંદીબેન દિલ્હી પહોંચ્યા બાદ ભાજપ પ્રમુખ અમિત શાહના આવાસ ઉપર પહોંચ્યા હતા. તેમની સાથે ભીખુ દલસાણિયા, આરસી ફળદુ હોવાનું પણ જાણવા મળ્યું છે. આનંદીબેન અને અમિત શાહ વચ્ચે કયા મુદ્દા પર વાતચીત થઈ તે સંદર્ભમાં જાણી શકાયું નથી પરંતુ પ્રદેશ પ્રમુખની નિમણૂંકમાં મામલો હાલમાં ઉકેલાયો નથી જેથી આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું કહેવાય છે.



પ્રજ્ઞાચક્ષુઓની કાર રેલી - પ્રતિ વર્ષ યોજાતી પ્રજ્ઞાચક્ષુઓની કાર રેલી રવિવારે સવારે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી આરંભાઈ હતી. રોમાંચક બનતી કાર રેલીની બિરદાવવા મોટી સંખ્યામાં નગરજનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આજે હાર્દિકને મેટ્રો કોર્ટમાં રજૂ કરાશે

**સઘન સુરક્ષા વચ્ચે સુરતથી અમદાવાદ લવાયો : હાર્દિક પટેલને આજે અન્યો સાથે મેટ્રો કોર્ટમાં રજૂ કરાશે અનિચ્છનીય બનાવને ટાળવા સઘન સુરક્ષા વ્યવસ્થા રહેશે**

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને આનંદીબેન પટેલ સરકારને હચમચાવી મુકનાર પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલની મુશ્કેલી હાલમાં ઓછી થઈ રહી નથી. હજુ પણ તેને કાયદાકીય ગુંચનો સામનો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સુરતની લાજપોર જેલમાંથી હાર્દિક પટેલને અમદાવાદ લાવવામાં આવ્યો હતો અને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યો હતો. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હાર્દિક પટેલને અન્યોની સાથે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. મેટ્રો કોર્ટમાં પહેલાથી જ સુરક્ષા પગલા લેવામાં આવનાર છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર સાવધાન છે. હાર્દિક પટેલની સાથે સાથે દિનેશ ભગવાનભાઈ બાંભણિયા, ચિરાગ ભરતભાઈ પટેલ અને કેતન લલિતભાઈ પટેલને રાજદ્રોહના કેસમાં કોર્ટમાં રજુ કરાશે. હાર્દિક પટેલ સહિત ચાર આરોપીઓ સામે

● અનુસંધાન પાન-૭ પર

૧૯ મો સમૂહલગ્નોત્સવ
શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

આથી ગાંધીનગર જિલ્લામાં વસતા રાજપૂત સમાજના દિકરા-દિકરીઓના ૧૯ મા સમૂહલગ્ન તારીખ ૨૯-૪-૨૦૧૬ ના રોજ ગાંધીનગર મુકામે યોજાનાર છે સમાજ તરફથી વરઘોડીયાની સંખ્યા-૬૪ નક્કી કરવામાં આવેલ છે તો વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા વિનંતી છે.

વધુમાં સમૂહલગ્નમાં જોડાવવા માટે લગ્ન સમયે દિકરીની ઉંમર ૧૮ વર્ષ અને દિકરાની ઉંમર ૨૧ વર્ષની હોવી જરૂરી છે. દંપતિઓએ પોતાની જાતિ અંગેનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો તથા બે ફોટા અવશ્ય લાવવાના રહેશે. ફોર્મ મંજુર કરવુ યા ના કરવુ તે સર્વે હક્ક લગ્નસમિતિને અબાધિત રહેશે.

નોંધ :- ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ :- ૨૮-૩-૨૦૧૬

ગોલ વિક્રમસિંહ સરદારસિંહ
પ્રમુખ, મો. ૮૧૪૧૨ ૨૨૨૪૯

મહેન્દ્રસિંહ એ.વાઘેલા
મહામંત્રી, મો.૯૮૨૪૮ ૬૬૬૫૭

નટવરસિંહ એમ. વાઘેલા
કા. પ્રમુખ, મો.૯૮૨૪૨ ૬૫૪૦૮

રતનસિંહ એમ. વાઘેલા
અધ્યક્ષ, લગ્નસમિતિ,
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬

જશુભા એલ. પરમાર
કા. અધ્યક્ષ, લગ્નસમિતિ
મો.૯૯૦૪૧ ૨૪૭૭૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ
નિરવતાનો રવ...



bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

કારીગરો પાસેથી સીધી ખરીદી ની સુવર્ણ તક
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ
કુટિર મેળો-૨૦૧૬
પ્રદર્શન સહ વેચાણ
તા. ૦૫ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૬
સમય : ૧ થી ૮ સુધી



Free ENTRY | PARKING
કચ્છની શાલ, ભરતકામ, બાંધણી, મોતીકામ, માટીકામ, જ્વેલરી, ચાદર, ટુવાલ તથા હસ્તકલાની વિવિધ વસ્તુઓ
૪૫૦ થી વધુ કારીગરોની ૧૩૦૦ થી વધુ પ્રોડક્ટની વિગત મેળવવા માટે અમારી વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ની અવશ્ય મુલાકાત લો.
અમદાવાદ હાટ, વસ્ત્રાપુર તળાવ પાસે, અમદાવાદ
ઈન્ડેક્ષ્ટ-સી
ગુજરાત સરકારની સંસ્થા
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
કમિશનર અને સચિવ
કુટિર અને ગ્રામોદ્યોગ
ગુજરાત સરકાર, ગાંધીનગર